# કપિલ દેવ આઈસીસી હોલ ઓફ ફેમમાં સામેલ કરાયો



## દુબઈમાં ગવર્નીંગ બોડીના હેડક્વાટર્સ ખાતે ક્લાઈવ લોઈડ અને અન્ય મહેમાનોની હાજરીમાં કપિલને કેપ

દુબઈ, મંગળવાર

વર્ષ ૧૯૮૩માં ભારતને વર્લ્ડકપમાં જીત અપાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવનાર મહાન ઓલરાઉન્ડર કપિલ દેવનો આજે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદના હોલ ઓફ ફેમમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. સાથી હોલ ઓફ ફેમ ક્લાઈવ લોઈડની હાજરીમાં આઈસીસીના પ્રમુખ ડેવિડ મોર્ગન દ્વારા કપિલ દેવને આ પ્રતિષ્ઠિત કેપ આપવામાં આવી હતી. આ પ્રસંગે આઈસીસીના અધિકારીઓ અને અન્ય મહેમાનો પણ દુબઈની મુખ્ય ઓફિસમાં ઉપસ્થિત રહ્યા હતા.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ એસોસિએશનના ફેડરેશન સાથે હોલ ઓફ ફેમ સંબંધિત છે. ક્રિકેટ પ્રત્યે ખાસ યોગદાન બદલ આ સન્માન આપવામાં આવે છે. છઠ્ઠી જાન્યુઆરી ૧૯૫૯ના દિવસે ચંદીગઢમાં જન્મેલા કપિલદેવે ૧૩૧ ટેસ્ટ મેચોમાં ભારત તરફથી રમીને એક પછી એક સિદ્ધિઓ મેળવી હતી. ૧૬ વર્ષની આંતરરાષ્ટ્રીય કારકિર્દી દરમિયાન કપિલ ૨૨૫ વન ડે મેચ પણ રમ્યો હતો. ક્વેટામાં પાકિસ્તાન સામે ૧૯૭૮માં વન ડે પ્રવેશ કર્યો હતો. જ્યારે આજ હરીફ સામે ફૈસલાબાદમાં બે સપ્તાહ બાદ ટેસ્ટ ક્રિકેટમાં એન્ટ્રી કરી હતી. કપિલે ટેસ્ટમાં ૪૩૪ અને વન ડેમાં ૨૫૩ વિકેટ ઝડપી હતી.

૧૯૯૪માં તે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર બની ગયો હતો. તે વખતે કપિલ દેવે રીચર્ડ હેડલીના રેકોર્ડને તોડી નાખ્યો હતો. વેસ્ટ ઈન્ડિઝના કોર્ટની વોલ્શે ત્યારબાદ આનાથી વધુ વિકેટ ઝડપી હતી. ૧૯૯૪ સુધી કપિલ દેવના નામ પર કેટલાક રેકોર્ડ હતા. કપિલ દેવે ૧૯૮૩ના વર્લ્ડકપમાં ભારતે જીત અપાવી હતી. તે વખતે તે ભારતીય ક્રિકેટ ટીમનો કેપ્ટન હતો.

કપિલ દેવે ટેસ્ટ ક્રિકેટમાં ૮ સદી અને ૨૭ અડધી સદી સાથે ૫૨૪૮ રન બનાવ્યા હતા. જેમાં તેની સરેરાશ ૩૧ રનની રહી હતી. કપિલે વન ડે મેચોમાં ૩૭૮૩ રન બનાવ્યા હતા. કપિલ દેવ ઓલટાઈમ મહાન બોલર હોવાની પ્રતિક્રિયા આઈસીસીના પ્રમુખ ડેવિડ મોર્ગને આપી હતી. તે વિશ્વના મહાન ઓલ રાઉન્ડર પૈકીનો એક છે. કપિલે વર્લ્ડકપની ફાઈનલમાં વિવ રિચર્ડસને અદભૂત કેચ પકડીને આઉટ કરાવ્યો હતો. જેના લીધે ભારત વર્લ્ડકપ જીતવામાં સફળ રહ્યું હતું.

# આફ્રિદી અને અકમલ બંધુ ઉપર લાખોનો દંડ લદાશે

## ભલામણો સ્વીકારાશે તો ક્રિકેટરો મુશ્કેલીમાં મુકાશેઃ ઓસ્ટ્રેલિયાના પ્રવાસ દરમિયાન પાકિસ્તાનના કંગાળ દેખાવમાં તપાસ કરતી સમિતિની ભલામણો ખૂબ કઠોર



કરાંચી, મંગળવાર

ઓસ્ટ્રેલિયા પ્રવાસે થયેલી ભૂંડી અને શરમજનક હારના કારણો શોધવા માટે બનાવવામાં આવેલી તપાસ સમિતિની ભલામણ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ લાગૂ કરશે તો ખેલાડીઓને આકરો દંડ અને પ્રતિબંધનો સામનો કરવા તૈયાર રહેવું પડશે. ઓસ્ટ્રેલિયન પ્રવાસે ગયેલી પાકિસ્તાન ટીમનો ક્રિકેટનો ત્રણેય ફોર્મેટમાં વ્હાઈટ વોશ થયો હતો. પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટરો અને ટીકાકારોએ ટીમના કંગાળ દેખાવ માટે ગેરશિસ્ત અને ખેલાડીઓ વચ્ચેના મતભેદોને જવાબદાર ઠેરવ્યા હતા. જેના કારણે હોબાળો થતાં પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)એ એક તપાસ સમિતિની રચના કરી હતી. સમિતીની ભલામણ માનવામાં આવશે તો પાકિસ્તાનના ટી-૨૦ના કેપ્ટન શાહિદ આફ્રિદી અને અકમલ બંધુઓને લાખો રૂપિયાનો દંડ કરવામાં આવી શકે છે. જ્યારે પૂર્વ કેપ્ટન શોએબ મલિક પર એક વર્ષના પ્રતિબંધની તલવાર તોળાઈ રહી છે. સૂત્રોના જણાવ્યા મુજબ આફ્રિદી અને કામરાન અકમલ અને તેના ભાઈ ઉમર અકમલને ત્રણત્રણ મીલીયન રૂપિયાનો દંડ કરવાની ભલામણ કરાઈ છે. શોએબ મલિક અને રાણા નાવેદ પર એક વર્ષનો પ્રતિબંધ મુકવાની ભલામણ કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા મુજબ ચીફ ઓપરેટીંગ અધિકારી વસીમ બારીના નેતૃત્વ હેઠળની સમિતિએ આ ભલામણ કરી છે. પરંતુ તેના અમલ કરવો કે દંડ ઓછો કરવો કે પછી તેમાં ઘટાડો કરવો તેનો નિર્ણય પીસીબી ચેરમેન એજાઝ બટ્ટ કરશે. બટ્ટે સમિતિની ભલામણો પર સોમવારે ટી-૨૦ વિશ્વકપ માટે ખેલાડીઓની પસંદ કરવા મળેલી પસંદગી સમિતીની બેઠકમાં ઘણી ચર્ચા કરી હતી. ભલામણો માનવામાં આવે તો નાવેદ રમી શકશે નહીં.

# ત્રીજી વન ડે : ન્યૂઝીલેન્ડ પર ઓસ્ટ્રેલિયાની છ વિકેટે જીત

હેમિલ્ટન, મંગળવાર

હેમિલ્ટનમાં રમાયેલી ચેપલ-હેડલી ટ્રોફીની ત્રીજી વન ડે મેચમાં ઓસ્ટ્રેલિયાએ ૧૬ બોલ ફેંકવાના બાકી હતા ત્યારે ન્યૂઝીલેન્ડ ઉપર છ વિકેટે જીત મેળવી લીધી હતી. જીતવા માટેના ૨૪૬ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ઓસ્ટ્રેલિયાએ ૪૭.૨ ઓવરમાં ચાર વિકેટ ગુમાવી ૨૪૮ રન બનાવી મેચ જીતી લીધી હતી. આની સાથે જ ઓસ્ટ્રેલિયાએ પાંચ વન ડે મેચોની શ્રેણીમાં ૨-૧ની મહત્વપૂર્ણ લીડ મેળવી લીધી છે. ઓસ્ટ્રેલિયા તરફથી ૭ ચોગ્ગા અને પાંચ છગ્ગા સાથે ૧૧૦ રન ફટકાર્યા હતા.

આ ઉપરાંત કેપ્ટન રિકી પોન્ટીંગે ૭૧ બોલમાં નવ ચોગ્ગા સાથે ૬૯ રન બનાવ્યા હતા. આ બંનેએ પોતાની ટીમને મેચ જીતાડવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી હતી. ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પ્રથમ ફિલ્ડીંગ કરવાનો નિર્ણય કર્યા બાદ ન્યૂઝીલેન્ડે ટેલરના ૬૨, સ્ટાઈરીસના ૪૧ અને હોકીન્સના ૪૫ રનની મદદથી ૨૪૫ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયા તરફથી હેરીસ અને જોન્સને ૩-૩ વિકેટ ઝડપી હતી.

ઓસ્ટ્રેલિયા પ્રથમ વન ડે મેચ જીતી ગયું હતું પરંતુ બીજી વન ડે મેચમાં ન્યૂઝીલેન્ડે જીત મેળવી હતી. ચેપલ-હેડલી ટ્રોફીની બાકી રહેલી બે મેચો પણ રોમાંચક બને તેવી શક્યતા છે. મેક્કુલમ આજે નિષ્ફળ નિવડ્યો હતો.